:- જાહેરનામું -:

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:

**ક્રમાંક : વિ.શા./એ-સેકશન/પરમીટ/ ૫૭ /૨૦૧૯**

છેલ્લાં કેટલાય સમયથી અમદાવાદ શહેરમાં બનેલ ચોરી, લૂંટ, ખુન, જેવા ગુન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટીઓ જાહેર સુલેહશાંતિને કેટલાંક માણસની જીંદગીની ખુવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે.

મહદઅંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુન્હો કરી જતાં રહેતાં હોય છે, તેઓ વિશે માલિક પાસે અગર પોલીસ પાસે માહિતી હોતી નથી. પરિણામે તેઓને પકડવા મુશ્કેલ ભર્યુ બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરી રાખતાં માલિકો ઉપર થોડા નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

જેથી હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.-૧૯૭૩-૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઇ મકાન માલિક/મકાન ભાડુઆત જ્યારે કોઇ વ્યકિતને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને તેવા કામ ઉપર રાખી શકશે નહિ અને માલિકે આ બાબતે નીચેનાં કોલમ મુજબની માહિતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સબંધીત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

૧. ઘરઘાટીનું પુરૂ નામ.

૨. ઘરઘાટીનું અમદાવાદનું સરનામું તથા તેની સાથેનાં માણસોની વિગત.

૩. જેનાં ઘરે ઘરઘાટી તરીકે કામ કરતાં હોય તે માલિકનું નામ-સરનામું (બે-ત્રણ તમામ માલિકોનાં નામ-સરનામાં તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો.

૪. બાંહેધરી અગર જેનાં મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ સરનામું.

૫. અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ સરનામું.

૬. અમદાવાદમાં ઘરઘાટીનાં ઓળખીતાનાં નામ-સરનામાં તથા ટેલીફોન નંબર.

૭. ઘરઘાટીનાં વતનનું સરનામું પો. સ્ટે. સહીત તથા વતનમાં રહેતાં તેના ભાઇ, બહેન, માતા-પિતાનાં નામો.

૮. ઘરઘાટી પરણીત હોય તો સાસરીનું નામ-સરનામું.

૯. ઘરઘાટીનું ચહેરા નિશાન, ઉંમર વર્ષ, ઉંચાઇ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની).

આ હુકમ તા.૨૮.૦૪.૨૦૧૯ થી તા.૨૬.૦૬.૨૦૧૯ સુધી (બંન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર તથા મદદનીશ પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનરની કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ આ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૨૬ /૦૪/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર